પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત.

# :: જાહેરનામું ::

મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૧૨(૨) અન્વયે કાઢેલ હુકમ.
ક્રમાંકઃટ્રાફિક/વાહન ગતિમર્યાદા/જાહેરનામું/ ૨૨૯ /૨૦૨૫

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
સુરત શહેર, તા.૦૨/૦૫/૨૦૨૫.

સુરત શહેરના ઔધોગીકરણના લીધે ઝડપથી વિકાસ થઇ રહેલ હોય, શહેરની વસ્તી અને વાહનોની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઇ રહેલ છે. છેલ્લા દસ વર્ષમાં વસ્તીનું પ્રમાણ બમણું થયેલ છે. અને તેજ પ્રમાણમાં વાહનોની સંખ્યા અનેક ગણી વધી રહેલ છે. સુરત શહેરના પ્રવર્તમાન રસ્તાઓની પહોળાઇ સામે ટ્રાફિકની ગીચતા વધુ છે. શહેરમાં ડીમોલીશનની કામગીરી થતાં જાહેરમાર્ગો પહોળા અને પાકા બનાવવામાં આવેલ છે. તેમજ હાલના સમયમાં વધુ ગતિવાળા વાહનોની સંખ્યા પણ ખૂબજ વધેલ છે. જેના કારણે વાહન ચાલકો પોતાના વાહનો વધુ ગતિએ ચલાવતા હોય અકસ્માતો થતા જાહેર જનતાની જાન-માલનું મોટુ નુકશાન થાય છે. જેથી જાહેર જનતાની સલામતી અને સગવડ માટે તેમજ ટ્રાફિક નિયમન સરળ અને સલામત કરવા માટે સુરત શહેર વિસ્તારનાં જાહેર રોડ ઉપર વાહનોની ગતિમર્યાદા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું ખુબ જ જરૂરી છે.

## -: હુકમ:-

વાસ્તે હું અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશ્નર, સુરત શહેર મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૧૨(૨) અન્વયે મળેલ સત્તાની રૂએ, સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના નીચે જણાવેલ વિસ્તારના જાહેર રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની ગતિમર્યાદા ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવાના નિર્ણય ઉપર આવેલ છું અને નીચે મુજબનો હુકમ કરું છું.

## -: પ્રતિબંધિત કૃત્ય :-

સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર રોડ ઉપર પસાર થતા વાહન ચાલકોએ નીચે જણાવ્યા પ્રમાણે જુદા-જુદા પ્રકારના વાહનો સામે દર્શાવેલ ગતિમર્યાદા (કિલોમીટર/કલાક) નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરનાં હુકુમત વિસ્તાર (નેશનલ હાઇવે સિવાયનાં તમામ માર્ગો)

| અ.નં. | વાહનોનાં પ્રકાર | ગતિ-મર્યાદા (કિ.મી./કલાક) |
|---|---|---|
| ૧ | ભારે અને મધ્યમ વાહનો | ૩૦ |
| ૨ | ફોર-વ્હીલ વાહનો | ૫૦ |
| ૩ | થ્રી-વ્હીલ વાહનો | ૩૦ |
| ૪ | ટુ-વ્હીલ વાહનો | ૪૦ |

પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરનાં હુકુમત વિસ્તાર (નેશનલ હાઇવે તમામ)

| Sr. No | Class of Motor Vehicles | 4 lane and above divided carriageway (roads with Median strips/Diveders) | Road Within Municipal Limits | Others Roads |
|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) |
| 1 | Motors vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 category vehicles) | 80 | 60 | 60 |
| 2 | Motors vehicles used for carriage of passengers nine or more seats in addition to the driver's seat (M2 and M3 category vehicles) | 80 | 60 | 60 |
| 3 | More vehicles used for carriage of goods (All N category Vehicles) | 60 | 50 | 50 |
| 4 | Motor Cycles | 60 | 50 | 50 |
| 5 | Quadricycle | 60 | 50 | 50 |
| 6 | Three-wheeled vehicles | 40 | 40 | 40 |

ઉપરોક્ત પ્રતિબંધ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ, તથા પોલીસ વાહન કે જે તાકિદની કામગીરી અર્થે જઇ રહેલ હોય તેને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને ૧૮૪ તેમજ ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૮૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધી થતા: જાહેરનામા ક્રમાંક:ટફક/વાહન ગતિમર્યાદા/જાહેરનામું/૧૨૬૯/૨૦૧૯ તા.૨૯/૦૩/૨૦૧૯ આપો-આપ રદ્દ ગણાશે.

આજ રોજ તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,
(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

પોલીસ કમિશ્નર
સુરત શહેર, સુરત.

<u>સવિનય નકલ રવાના :-</u>
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)